અપીલ અરજી નં.૨૪ તા.૨૮–૪–૦૮

અરજદાર: શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળા:આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમ:–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ આપની તા.૨૦–૧૦–૦૭ની અરજીના અનુંસંધાને કરેલી અપીલ બાબત.
***સંદર્ભ :***– આપની તા.૨૮–૪–'૦૮ ની અપીલ અરજી નં.૨૪/૨૦૦૮–૦૯

શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૦–૧૦–૦૭ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે તા.૨૮–૪–૦૮ના રોજ વિલંબથી મળેલ માહિતી અને મળેલ માહિતીમાં અપીલ કરવાનો ઉલ્લેખ ન હોવા અંગે અપીલ અરજી કરેલ છે આરટીઆઈ એકટ મુજબ મુળ અરજી તથા મુળ અરજીની સામે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી વિગતો સહિત અપીલ કરવાની રહે છે તેમ છતાં અરજદારે કોઈપણ વિગતો વિના અપીલ અરજી કરેલ છે તેમજ અરજીમાં કોઈ જાહેર માહિતી અધિકારીનો ઉલ્લેખ પણ કરેલ નથી જેના અનુસંધાને અરજદારને મૂળ અરજીની નકલ તથા પાઠવવામાં આવેલ જવાબની વિગતો તેમજ જાહેર માહિતી અધિકારીની વિગતો ન અનુપસ્થિતિમાં અપીલની કાર્યવાહી હાથ ધરી શકાય તેમ ન હોઈ જેથી ઉપરોકત વિગતો સહિત અપીલના આધાર પૂરાવાઓ મોકલી આપવા તેમજ અપીલ અરજી લગભગ પાંચ માસ ઉપરાંતના વિલંબથી કરવામાં આવેલ હોઈ આરટીઆની કલમ–૧૯(૧) હેઠળ અપીલ માટે દિન–૩૦ ની અવધિ સામે વિલંબ માટે કોઈ વાજબીપણું રજુકરવામાં આવેલ નથી તેમજ વિલંબ અંગેના વાજબીપણા સહિતની માહિતી અત્રેના વિભાગને સત્વરે પૂરી પાડવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૩ તા.૫–૫–૦૮ થી અરજદારને જણાવવામાં આવેલ તેમ છતાં તે અંગે કોઈ માહિતી કે પુરાવા રજુ કરેલ નથી તેમજ પત્રના જવાબ અંગે કોઈ પ્રતિભાવ આપેલ નથી.

તા.૨૮–૪–૦૮ની અરજદારની અપીલ અરજી અંગે મૂળ અરજી નોંધ વિભાગ સહિત અરજદારને પુરી પાડેલ માહિતી ઉપરાંત કોઈ પૂરક વિગતો હોય તો તે મોકલી આપવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોનનેઅત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૩ તા.૫–૫–૦૮ થી પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને આજદિન સુધી કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નથી. અરજદારે અપીલમાં રજુ કરેલ હકીકતની ખંડન કરતી કોઈ વિગતો મોકલેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદાર નોંધપાત્ર વિલંબ સહિતની અપીલ અંગે વાજબીપણું રજૂ કરવામાં તેમજ અધૂરી, અસ્પષ્ટ અને સંદિગ્ધ વિગતો સહિતની અપીલ અંગે તક આપવા છતાં રજૂઆત કરવામાં નિષ્ફળ રહેલ છે. તેથી તેઓ અપીલમાં રસ ધરાવતા નહીં હોવાનું સ્પષ્ટ થાય છે."

વધુમાં અરજદારની આજ અરજી બાબતે અપીલ નં.૧૯૯/૦૭ અંગે થયેલા હુકમ નં.આરટીઆઈ સેલ/૬૮૭ તા.૧૭–૧૨–૦૭ ધ્યાને લેતાં સદર હાઈકોર્ટ કેસમાં અરજદાર સ્વયં પક્ષકાર છે અને તેઓ પાસે જજમેન્ટની નકલ પણ હોઈ તેમણે માંગેલી વિગતો તેમાંથી મેળવવા તેઓ સક્ષમ હોવા છતાં અપીલ કરેલ હોઈ અપીલ માટે કોઈ કારણ રહેતું નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે.

જયારે જાહેર માહિતી અધિકારીને આંશિક માહિતી કે ઈન્કારના કિસ્સામાં અપીલની વૈધાનિક જોગવાઈ દર્શાવવા તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ